
# ઈસણાવના મંદિરો : આસ્થા, ઇતિહાસ અને સંસ્કૃતિનો જીવંત વારસો









ઈસણાવ ગામ સમૃદ્ધ ધાર્મિક પરંપરા અને પ્રાચીન મંદિરો માટે પણ વિશેષ ઓળખ ધરાવે છે. ગામના દરેક વિસ્તારમાં આવેલા મંદિરો અહીંના લોકોની અડગ શ્રદ્ધા, સામાજિક એકતા અને સાંસ્કૃતિક વારસાની સાક્ષી આપે છે. ઈસણાવમાં આવેલાં વિવિધ મંદિરો પુજન દર્શન અર્ચન સાથે સાથે ગામના સામાજિક અને આધ્યાત્મિક જીવનનાં કેન્દ્રો છે. અહીં વર્ષભર ધાર્મિક ઉત્સવો, ભજન-કીર્તન, સત્સંગ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા રહે છે. ઈસણાવ ગામની સ્થાપના સાથે જ અસ્તિત્વમાં આવેલું શ્રી કુલબાઈ માતાજીનું મંદિર ગામનું સૌથી પ્રાચીન અને પૂજનીય ધાર્મિક સ્થાન માનવામાં આવે છે. ગામના પ્રવેશદ્વાર નજીક આવેલા તળાવના કિનારે સ્થિત આ મંદિર ભક્તિ અને પ્રકૃતિનું અનોખું સંગમ છે.ગામના લોકો તેમજ વિદેશમાં વસતા ઈસણાવવાસીઓના સહયોગથી વર્ષ ૨૦૦૪ દરમિયાન મંદિરનો ભવ્ય જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. આજે મંદિર માત્ર ગામની આસ્થાનું કેન્દ્ર જ નહીં, પરંતુ સમગ્ર વિસ્તારના ભક્તો માટે પણ શ્રદ્ધાનું પવિત્ર ધામ બની ગયું છે. ગામની આરાધ્ય અને દેશી માતા તરીકે શ્રી વેહરાઈ માતાજીનું વિશેષ સ્થાન છે. માન્યતા મુજબ આ મંદિર પણ ગામની સ્થાપના જેટલું જ પ્રાચીન છે. વર્ષ ૨૦૦૬ દરમિયાન ગામલોકોના સહયોગથી મંદિરનું સુંદર પુનઃનિર્માણ અને જીર્ણોદ્ધાર કરવામાં આવ્યું હતું. લગ્ન, નવા મકાનનું વાસ્તુ, ખેતીની શરૂઆત તથા અન્ય શુભ પ્રસંગોએ ગામલોકો માતાજીના આશીર્વાદ લેવા અહીં અવશ્ય આવે છે. ઈસણાવ ગામના સીમ વિસ્તારમાં આવેલા હરમણપુરામાં આવેલું શ્રી ભીડભંજન હનુમાનજી મંદિર અંદાજે સાતસો વર્ષ જૂનું હોવાનું માનવામાં આવે છે. સ્થાનિક લોકવાયકા અનુસાર પ્રાચીન સમયમાં ઈસણાવ ગામનું મૂળ વસવાટ આ મંદિરની આસપાસ હતો. દર શનિવારે સોજીત્રા, પાલજ, પીપળાવ સહિત આસપાસના અનેક ગામોમાંથી ભક્તો અહીં દર્શન કરવા આવે છે. કહેવાય છે કે વર્ષો પહેલાં લૂંટારાઓ અને વણજારાઓના હુમલામાં શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજીની મૂળ મૂર્તિઓને નુકસાન પહોંચ્યું હતું અને તે ખંડિત બની ગઈ હતી. ત્યારબાદ ગામલોકોએ નવી મૂર્તિઓ સ્થાપવાનો નિર્ણય કર્યો. પરંતુ જ્યારે જૂની મૂર્તિઓને વિધિપૂર્વક હટાવવાની તૈયારી થઈ ત્યારે અચાનક ભારે વરસાદ અને પૂર આવ્યું. ગામલોકોએ તેને દૈવી સંકેત માનીને જૂની મૂર્તિઓને યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો. આજે પણ મંદિરમાં ભક્તોને ખંડિત પ્રાચીન મૂર્તિઓ તેમજ નવી સ્થાપિત મૂર્તિઓ - બંનેના દર્શન થાય છે. આ ઘટના ગામની ધાર્મિક માન્યતાઓ અને પરંપરાનું અનોખું પ્રતીક બની ગઈ છે. ઈસણાવ ગામના મધ્યભાગમાં આવેલું શ્રી નીલકંઠ મહાદેવ મંદિર ગામની પ્રાચીન ધાર્મિક પરંપરાનું પ્રતીક છે. માન્યતા મુજબ આ મંદિર પણ ગામની સ્થાપના સમયથી અસ્તિત્વમાં છે.વર્ષ ૨૦૧૧ દરમિયાન ગામલોકો તથા વિદેશમાં વસતા ઈસણાવવાસીઓના સહયોગથી મંદિરનું ભવ્ય જીર્ણોદ્ધાર કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસ, મહાશિવરાત્રી તથા અન્ય શૈવ પર્વો દરમિયાન અહીં વિશાળ સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. ઈસણાવમાં મુખ્ય મંદિરો ઉપરાંત અનેક નાના-મોટા દેવસ્થાનો ગામની ધાર્મિક સમૃદ્ધિને વધુ ઉજાગર કરે છે. શ્રી સ્વામિનારાયણ મંદિર (વડતાલવાસી), શ્રી સ્વામિનારાયણ મંદિર (મહિલાઓ માટે વિશેષ), શ્રી મહાકાળી માતાજી મંદિર, શ્રી ગણપતિજી મંદિર, શ્રી ઉમા મહેશ્વર મંદિર, શ્રી હનુમાનજી મંદિર, શ્રી ભાથીજી મહારાજ મંદિર, શ્રી બડિયાદેવ મહારાજ મંદિર, શ્રી વેહરાઈ માતાજી મંદિર (વાસંદા વિસ્તાર), શ્રી હનુમાનજી મંદિર (બોરડી સ્ટ્રીટ), શ્રી હડકદેવી માતાજી મંદિર (દેવી પૂજક વાસ)

## આધુનિક શિક્ષણ, સર્વાંગી પ્રવૃત્તિઓ અને મૂલ્યનિષ્ઠ કેળવણીથી વિદ્યાર્થીઓને કેળવણી મળે છે

ઈસણાવ ગામની પ્રાથમિક શાળા આજે માત્ર ગામની શાળા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ આસપાસના વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે પણ ગુણવત્તાસભર શિક્ષણનું વિશ્વસનીય કેન્દ્ર બની છે. વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી, અનુભવી શિક્ષકોની નિષ્ઠા અને ગ્રામજનોના સતત સહયોગના કારણે શાળાએ આગવી ઓળખ ઉભી કરી છે.

શાળામાં વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે સંસ્કાર, શિસ્ત અને સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર આપવામાં આવે છે. આધુનિક શિક્ષણ પદ્ધતિ, ટેક્નોલોજી આધારિત શિક્ષણ, વિવિધ શૈક્ષણિક સાધનો તથા આનંદદાયક શિક્ષણના અભિગમથી બાળકોમાં જ્ઞાન સાથે સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસનો વિકાસ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન, વિજ્ઞાન, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પ્રત્યે રસ વધે તે માટે વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ અને સહઅભ્યાસિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

તાજેતરના વર્ષોમાં ઈસણાવના યુવાનો ઉચ્ચ શિક્ષણ, મેડિકલ, એન્જિનિયરિંગ, સરકારી સેવા તેમજ વિદેશ અભ્યાસ જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી રહ્યા છે. ગામમાં શિક્ષણ પ્રત્યે વધતી જાગૃતિ અને વાલીઓનો સકારાત્મક અભિગમ વિદ્યાર્થીઓને નવી ઊંચાઈઓ સર કરવા પ્રેરણા આપી રહ્યો છે.

### પ્રાથમિક શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન

શાળામાં શૈક્ષણિક કાર્ય ઉપરાંત બાળકના સર્વાંગી વિકાસ માટે શિક્ષણેત્તર પ્રવૃત્તિઓનું તબક્કાવાર-પ્રસંગાનુસાર કરવામાં આવે છે. પ્રત્યેક બાળક અનન્ય વ્યક્તિત્વ ધરાવે છે. અને પ્રત્યેક વ્યક્તિત્વની પોતીકી શક્તિ હોય છે, આ શક્તિઓ આંતરિક હોય છે. કેળવણીનું કાર્ય આ શક્તિઓને બહાર કાઢવાનું છે. આ ઉદાત ધ્યેય પૂર્ણ કરવા-સિદ્ધ કરવા જુદી જુદી સમિતિઓ દ્વારા જુદીજુદી પ્રવૃત્તિઓ થાય છે. શાળાકીય સમિતિઓ બનાવવામાં આવી છે. (૧) વક્તૃત્વ સ્પર્ધા સમિતિ (૨) સાંસ્કૃતિક પ્રવૃત્તિ સમિતિ (૩) સુશોભન સમિતિ (૪) ખેલ-કૂદ સમિતિ (૫) સફાઈ સમિતિ (૬) પરીક્ષા સમિતિ (૭) વિજ્ઞાન વર્તુળ (૮) પ્રવાસ-પર્યટન સમિતિ (૯) પ્રાર્થના સમિતિ (૧૦) શિસ્ત સમિતિ (૧૧) સમય પત્રક સમિતિ (૧૨) શાળા પંચાયત

ગુણવત્તાસભર શિક્ષણ, મૂલ્યનિષ્ઠ કેળવણી અને સર્વાંગી વિકાસના અભિગમને કેન્દ્રમાં રાખી કાર્યરત ઈસણાવ પ્રાથમિક શાળા આજે શિક્ષણનું એક પ્રેરણાદાયી મોડેલ બની રહી છે, જે ગામના ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત પાયો ઘડી રહી છે.



## મૂળભૂત સુવિધાઓથી સમૃદ્ધ ઈસણાવ ગામ સ્વચ્છતા સહિત જનસુખાકારી માટે પ્રેરણારૂપ બન્યું છે

સોજિત્રા તાલુકાનું ઈસણાવ ગામ છેલ્લા કેટલાક વર્ષોથી આયોજનબદ્ધ વિકાસના માર્ગે સતત આગળ વધી રહ્યું છે. ગ્રામ પંચાયતના લોકપ્રતિનિધિઓની દૃઢ ઇચ્છાશક્તિ, સુચારુ આયોજન અને સક્રિય કામગીરીના પરિણામે ગામમાં વિકાસના અનેક કાર્યો સાકાર થયા છે. વિવિધ સરકારી યોજનાઓનો અસરકારક અમલ થતાં ગ્રામજનોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ બની રહી છે.

ગામમાં આર.સી.સી. રોડ, આંતરિક માર્ગો અને જાહેર સ્થળોએ બ્લોક પાથરવાની કામગીરી પૂર્ણ થતાં આવન-જાવનની સુવિધામાં નોંધપાત્ર સુધારો થયો છે. પીવાના શુદ્ધ પાણી માટે વોટર વર્ક્સની સુવ્યવસ્થિત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે, જેના કારણે સમગ્ર ગામને નિયમિત પાણી પુરવઠો મળી રહે છે. સાથે જ વીજળીની સુવિધા પણ સંતોષકારક રીતે ઉપલબ્ધ હોવાથી ગ્રામજનોનું દૈનિક જીવન વધુ સુવિધાસભર બન્યું છે. ઈસણાવના ગ્રામજનો સ્વચ્છતા પ્રત્યે અત્યંત જાગૃત છે. ગામને સ્વચ્છ, હરિયાળું અને સુંદર રાખવા માટે લોકો સ્વયંપ્રેરિત બની સહભાગી બને છે. ગામમાં સુવ્યવસ્થિત બજાર પણ કાર્યરત હોવાથી દૈનિક જીવનજરૂરિયાતની લગભગ તમામ ચીજવસ્તુઓ સ્થાનિક સ્તરે જ ઉપલબ્ધ થઈ રહે છે. ઈસણાવ ગામને સિંચાઈ માટે પૂરતી સુવિધા ઉપલબ્ધ હોવાથી ખેડૂતો વર્ષમાં ત્રણ પાક લેતા થયા છે. પરિણામે ખેતી ગામનો મુખ્ય આધારરૂપ વ્યવસાય બની રહી છે અને ખેડૂતોની આવકમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આધુનિક સુવિધાઓ, લોકભાગીદારી અને આયોજનબદ્ધ વિકાસના કારણે ઈસણાવ આજે પ્રગતિશીલ ગામ તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે. ઈસણાવ અને પીપળાવ ગામો અનોખી ભૌગોલિક અને સામાજિક ઓળખ ધરાવે છે. બંને ગામો એકબીજાને એટલા નજીકથી જોડાયેલા છે કે તેમની વચ્ચે કોઈ સ્પષ્ટ સીમા કે સરહદ જોવા મળતી નથી. એક ગામમાંથી બીજા ગામમાં પ્રવેશતી વખતે મુલાકાતીને ક્યાં ઈસણાવ પૂર્ણ થાય છે અને ક્યાં પીપળાવ શરૂ થાય છે તેનો અહેસાસ પણ થતો નથી. બંને ગામોની વસાહતો એકબીજાની નજીક વિસ્તરતી ગઈ છે. પરિણામે રહેણાંક વિસ્તાર, માર્ગો અને જાહેર સુવિધાઓ એવી રીતે સંકળાઈ ગઈ છે કે સમગ્ર વિસ્તાર એકસૂત્રે બંધાયેલો જણાય છે. બંને ગામોના લોકો વચ્ચે વર્ષોથી સામાજિક, સાંસ્કૃતિક અને વ્યવહારિક સંબંધો મજબૂત બન્યા છે,

**પરસ્પર સહકાર અને લોકભાગીદારીના કારણે વિકાસકાર્યોને વધુ વેગ મળ્યો છે**







## ઈસણાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી : ગ્રામજનોની આર્થિક કરોડરજ્જુ બની વિકાસની ગાથા સર્જતી સંસ્થા

આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકાના ઈસણાવ ગામની આર્થિક સમૃદ્ધિમાં જો કોઈ એક સંસ્થાનો સૌથી મોટો ફાળો રહ્યો હોય તો તે છે ઈસણાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી. આશરે ૬૫ વર્ષ પહેલાં ગામના દીર્ઘદ્રષ્ટિ ધરાવતા આગેવાનોએ ગ્રામજનોની આર્થિક સ્થિતિ મજબૂત બને તેવા હેતુથી આ સંસ્થાની સ્થાપના કરી હતી. શરૂઆતના દિવસોમાં માત્ર પાંચ રૂપિયાનો એક શેર લઈને સભાસદો બનાવવામાં આવ્યા હતા. તે સમયે ગામના આગેવાનોએ ઘરેઘરે જઈ લોકોને સહકારી ચળવળ સાથે જોડવા માટે નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

શરૂઆતમાં નાનકડા મકાનમાં કાર્યરત રહેલી મંડળીએ સમય જતાં સતત વિકાસની હરણફાળ ભરી છે. બાદમાં મોટા મકાનમાં સ્થળાંતર કર્યા પછી આજે આધુનિક સુવિધાઓથી સજ્જ પોતાના ભવ્ય મકાનમાં કામગીરી કરી રહી છે. દૂધના સંગ્રહ માટે વિશાળ ક્ષમતાવાળા ટાંકા સહિતની આધુનિક વ્યવસ્થાઓથી મંડળી વધુ કાર્યક્ષમ બની છે.

પ્રારંભમાં અંદાજે ૧૦૦ સભાસદોથી શરૂ થયેલી આ સંસ્થા આજે એક હજારથી વધુ સભાસદો ધરાવતી મજબૂત સહકારી સંસ્થા તરીકે વિકસી છે. ગામના પશુપાલકો માટે રોજિંદી આવકનું વિશ્વસનીય કેન્દ્ર બની રહેલી આ મંડળી અનેક પરિવારોના જીવનધોરણમાં સુધારો લાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ છે. દૂધની ખરીદી અને આર્થિક પ્રવૃત્તિઓ પૂરતી મર્યાદિત ન રહી, મંડળી સામાજિક જવાબદારી પણ નિભાવી રહી છે. ગામની શૈક્ષણિક સંસ્થાઓને આર્થિક સહાય, વિદ્યાર્થીઓને પ્રોત્સાહન, ગામની સ્વચ્છતા અભિયાન, રાહત દરે દવાઓનું વિતરણ અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ જેવા લોકહિતના અનેક કાર્યોમાં પણ મંડળી સતત યોગદાન આપી રહી છે. સહકાર, પારદર્શિતા અને દૂરંદેશી વહીવટના આધારે ઈસણાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી આજે માત્ર દૂધ એકત્ર કરવાની સંસ્થા નહીં, પરંતુ ગામની આર્થિક કરોડરજ્જુ અને સર્વાંગી વિકાસનું મજબૂત આધારસ્તંભ બની સમગ્ર વિસ્તારમાં પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડી રહી છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)